# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**પરિપત્ર ક્રમાંક – ૧૦ / ૨૦૧૦**

વિષય : બી.આર.એસ.માં **વ્યવહારૂ અંગ્રેજી** વિષયને ફરજીયાત વિષય કરવા અંગે...

આ યુનિવર્સિટી સંલગ્ન **બી.આર.એસ.** કોલેજોના આચાર્યશ્રીઓ ને જણાવવાનું કે રૂરલ સ્ટડીઝ વિષયની અભ્યાસ સમિતિની તારીખ : ૨૪ / ૦૯ / ૨૦૦૯ નો સભાનો નીચેનો ઠરાવ નં.–૦૨ એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ : ૨૧ / ૧૨ / ૨૦૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક–૦૬ થી મંજૂર કરેલ છે. જેની સબંધિતોને જાણ કરવામાં આવે છે.

> " રૂરલ સ્ટડીઝ (બી.આર. એસ.) અભ્યાસક્રમના ત્રણેય વર્ષમાં હાલમાં ચાલતા **વ્યવહારૂ અંગ્રેજી** ના વિષય અંગે સમિતિના સભ્યશ્રીઓ દવારા વિગતે ચર્ચા–વિચારણા કરવામાં આવી. પુખ્ત વિચારણાને અંતે સર્વાનુમતે આથી ઠરાવવામાં આવે છે કે, બી. આર. એસ. વર્ષ – પ્રથમ , દ્વિતિય અને તૃતીય માં વ્યવહારુ અંગ્રેજી વિષયને બદલે અંગ્રેજી વિષયને **ફરજીયાત** વિષય કરવામાં આવે છે. જે ૧૦૦ ગુણનો રહેશે. જેનું પાસીંગ ધોરણ ૪૦ % નું રહેશે. બી. આર. એસ. વર્ષ પ્રથમ અને દ્વિતિયમાં ગુજરાતી અને હિન્દી વિષય ફરજીયાત રહેશે. બી.આર. એસ. વર્ષ– તૃતીયમાં ગુજરાતી અને હિન્દી વૈકલ્પિક વિષય તરીકે રહેશે. જેનો અમલ જૂન–૨૦૧૦ થી પ્રથમ વર્ષથી ક્રમશઃ કરવો."

આ બાબતની અધ્યાપકશ્રીઓ તથા વિધાર્થીઓને આપના સ્તરેથી જાણ કરવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ.

(સહી)
નાયબ કુલસચિવ

જા.નં. : એકે/ અ.સ./૨૬૩ / ૨૦૧૦
યુનિવર્સિટી રોડ, પો.બો. નં.– ૨૧
**પાટણ.** – ૩૮૪ ૨૬૫. (ઉ. ગુ.)
તારીખ : ૮ / ૦૧ / ૨૦૧૦